# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – નવી નીતિઓ (તારીખ:૧૮.૦૨.૨૦૧૭)

| અ.નં. | વિષય |
|---|---|
| ૧ | **બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ / કોર્ટ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થયેલ હરાજી / વેચાણના કિસ્સામાં તબદીલી નીતિ બાબતે:–**<br>નિગમમાં ઉકત જણાવેલ તબદીલીના કિસ્સાઓમાં કોઈ તબદીલી અંગેની કોઈ સ્પષ્ટ નીતિ અમલમાં ન હતી. જેથી આ પ્રકારના તબદીલીના કિસ્સામાં તબદીલીની કાર્યવાહીમાં એકસુત્રતા જળવાય અને તબદીલી અંગેની કાર્યવાહી વધુ ઝડપી બનાવી શકાય તે હેતુસર નિગમ ધ્વારા તારીખ:૧૮.૦૨.૨૦૧૭ થી નવી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. સદર નીતિ અન્વયે હરાજીથી મિલ્કત ખરીદનાર ધ્વારા મિલ્કતનો કબજો સંભાળ્યાના તારીખથી એક વર્ષ સુધી કોઈપણ પ્રકારની વણવપરાશી દંડની વસુલાત ન કરવાનુ તેમજ જો બીજા વર્ષે પણ મિલ્કત વણવપરાશી રહેવા પામેલ હોય તો ફકત ૧% ના દરે વણવપરાશી દંડ વસુલ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે ત્યારબાદના વણવપરાશી સમયમગાળા માટે પ્રતિ વર્ષ ૩% ના દરે વણવપરાશી દંડ વસુલ લેવાની તેમજ તમામ કિસ્સાઓમાં એકસરખા ધોરણે ૨૫% લેખે તબદીલી ફી વસુલ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| ૨ | **રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) મુજબ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામાં કાર્યવાહી કરવા બાબતે:–**<br>નિગમ ધ્વારા તારીખ:૨૮.૧૦.૧૯૯૭ થી રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) ના તબદીલીના કિસ્સામાં નિગમને અરજી સાથે ફારગતિ લેખ રજીસ્ટ્રાર ઓફ ફર્મ ધ્વારા નોંધણી કરવામા આવેલ હોય અને તેની તેની પ્રમાણિત નકલ નિગમને રજુ કરવામાં આવે તો તબદીલી સમયે છુટા થતા ભાગીદારોની સહીનો આગ્રહ રાખવમાં આવતો નથી. પરંતુ રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) ની જેમ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામા આ પ્રકારે તબદીલી અંગેની કાર્યવાહી થઈ શકતી ન હતી. જેથી તેના નિરાકરણ સારૂ નિગમ ધ્વારા તારીખ:૧૮.૦૨.૨૦૧૭ ના પરિપત્રથી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે, જે મુજબ, રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામા કંપનીના ડાયરેકટરો બદલાયેલ હોય અને રજીસ્ટ્રાર ઓફ કંપની ધ્વારા કરવામાં આવેલ નોંધણીની પ્રમાણિત નકલ નિગમને રજુ કરવામાં આવે તો આવા કિસ્સામાં જુના ડાયરેકટરોની સહીનો આગ્રહ રાખ્યા સિવાય તબદીલી અંગેની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવેલ છે. |
| | **આ તમામ નીતિ વિષયક પરિપત્રો નિગમની વેબસાઈટ www.gidc.gov.in પર ઉપલબ્ધ છે.** |

તા. /૦૩/૨૦૧૭
ગાંધીનગર.

–સહી–
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર.